# જાવર અને કુછડીમાં એકતાયાત્રાનું સ્વાગત

## ગ્રામજનોએ સરકારી કાર્યની માહિતી મેળવી એકતાના શપથ લીધા



પોરબંદર

પોરબંદર નજીકના જાવર અને કુછડીમાં એકતાયાત્રાનું સ્વાગત થયું હતું.

પોરબંદર ચોપાટી ખાતેથી જીલ્લાકક્ષાના કાર્યક્રમથી નીકળેલી એકતા યાત્રા સૌ પ્રથમ પોરબંદર તાલુકાના જાવર અને કુછડી ગામમાં પહોંચી હતી. ગ્રામજનોએ સરદારને વંદના કરી સ્ટેચ્યુ ઓફ યુનીટી અને ગુજરાત સરકારના આ મહત્વના કાર્યની માહિતી મેળવી હતી. કુછડી ગામે બાળકો, વિદ્યાર્થીઓ અને વડીલોએ સરદારની પ્રતિમાને શ્રધ્ધાસુમન અર્પણ કરી એકતા રથયાત્રા અંગેની માહિતી મેળવી હતી. ધારાસભ્ય બાબુભાઇ બોખીરીયા, અગ્રણી વિરમભાઇ કારાવદરા, ભુરાભાઇ કેશવાલા, આવડાભાઇ ઓડેદરા તેમજ અધિકારીઓ વાલગોતર, રામદેભાઇ ઓડેદરા અને અન્ય કર્મયોગીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા. ગ્રામજનોએ એકતાયાત્રાના દર્શન કર્યા બાદ એકતા અંગેના શપથ લીધા હતા.

P. ૨ આજકાલ. ૨૨.૧૦.18